# ફોરેન્સિક વૈજ્ઞાનિક

ફોરેન્સિક વૈજ્ઞાનિકો ગુનાના સ્થળ પરના પુરાવાઓનું પરીક્ષણ અને વિશ્લેષણ કરે છે. તેમના હેતુલક્ષી તારણો ગુનેગારોની તપાસ અને સંબંધિત કાનૂની કાર્યવાહીમાં મદદરૂપ બને છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમને સમસ્યાઓ અને પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે મૌખિક અને લેખિત સંચાર કૌશલ્ય ધરાવો છો



**ફી**

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૫,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ – www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. ફોરેન્સિક વિજ્ઞાનમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

MBBSની ડિગ્રી હાંસલ કરો અને પછી ફોરેન્સિક મેડિસિનમાં MDની ડિગ્રી મેળવો.

૩. તમારી પસંદગીના કોર્સમાં પ્રવેશ મેળવવા માટે તમારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમ કે ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ પ્રવેશ પરીક્ષા અથવા નીટ (NEET) પાસ કરવી પડશે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ફોરેન્સિક વૈજ્ઞાનિકનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૬૫,૧૧૧ થી ૧,૧૧,૭૭૮*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.salaryexpert.com/salary/job/forensic-scientist/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** યુનિવર્સિટીઓ, સંગ્રહાલયો, સંશોધન સંસ્થાઓ, કેન્દ્રીય અથવા રાજ્યની પ્રયોગશાળાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઑફિસમાં તેમજ બહાર ફિલ્ડમાં એમ બંને સ્થળ પર કામ કરશો. તમારે ગુનાના સ્થળની મુલાકાત લેવી પડી શકે છે. તમે ટીમમાં કામ કરશો પરંતુ તમારે ટીમનું નેતૃત્વ કરવાનું રહેતું નથી. તમે અઠવાડિયામાં ૬ દિવસ અને દરરોજ ૮ થી ૧૦ કલાક કામ કરો તેવી શક્યતા છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

### અપેક્ષિત પ્રગતિ પથ

ફોરેન્સિક વૈજ્ઞાનિક → રસાયણશાસ્ત્રી → વરિષ્ઠ વૈજ્ઞાનિક → પ્રિન્સિપલ સાયન્ટિસ્ટ અથવા સંલગ્ન વૈજ્ઞાનિક → વરિષ્ઠ વૈજ્ઞાનિક → લેબોરેટરી મેનેજર
**અથવા**

તાલીમાર્થી → ફોરેન્સિક સાયન્સ ટેકનિશિયન → ફોરેન્સિક સાયન્સના વડા અથવા સંલગ્ન વૈજ્ઞાનિક → વરિષ્ઠ વૈજ્ઞાનિક → લેબોરેટરી મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફોરેન્સિક વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. મહાત્મા ગાંધી યુનિવર્સિટી, કોટ્ટયમ
૩. મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ
૪. ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ
૫. એન.એફ.એસ.યુ., ગાંધીનગર
૬. રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી, નાગપુર
૭. ગુરુ ઘાસીદાસ વિશ્વવિદ્યાલય, બિલાસપુર
૮. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. ગાંધીનગર યુનિવર્સિટી, ગાંધીનગર
૨. મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, મણિપાલ
૩. જે.એસ.એસ. એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ, મૈસુર
૪. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૫. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૬. કલાસલિંગમ એકેડેમી ઓફ રિસર્ચ એન્ડ એજ્યુકેશન, કૃષ્ણકોઈલ
૭. કરુણા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, કોઈમ્બતુર
૮. રવીન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટી, ભોપાલ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov .in/explorer?searchText=forensic/
- www.ncs.gov.in
- mybharat.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**ગૌરવ ગુપ્તા** ડિજિટલ ફોરેન્સિક્સમાં ડોક્ટરેટની પદવી હાંસલ કરનાર પ્રથમ ભારતીય છે. તેમને શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા વર્ષ ૨૦૧૦માં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના યુવા વૈજ્ઞાનિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય સાથે અધિક નિયામક તરીકે સેવા આપવા ઉપરાંત, શ્રી ગુપ્તા એક લેખક પણ છે. તેમણે પશ્ચિમ બંગાળની જાદવપુર યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર છેતરપિંડી અને સાયબર અપરાધોને શોધવા અને તેને ઠીક કરવા માટે ડિજિટલ ફોરેન્સિકમાં પી.એચ.ડી. કર્યું છે. હાલમાં, તે સમાજમાં તકનીકી છેતરપિંડી વિશે જાગૃતિ લાવવાના મિશન પર છે.*

સ્રોત:https://analyticsindiamag.com/talking-cyber-awareness-with-dr-gaurav-gupta-of-meity-first-indian-to-earn-doctorate-in-digital-forensics/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફોરેન્સિક એક્સપર્ટ, ફ્રોડ રિસ્ક, ઈન્વેસ્ટીગેટર